ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

આઠમો વાર્ષિક અહેવાલ
૨૦૦૬ - ૦૭

પહેલો માળ, નેપચ્યુન ટાવર, નહેરૂબ્રીજ સામે,
આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

આઠમો વાર્ષિક અહેવાલ
વર્ષ ૨૦૦૬- ૨૦૦૭

પહેલો માળ, નેપ્ચ્યુન ટાવર, નહેરૂબ્રીજ સામે,
આશ્રમરોડ, અમદાવાદ- ૩૮૦૦૦૯.

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

પહેલો માળ, નેપ્ચ્યુન ટાવર, નહેરૂબ્રીજ સામે,
આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

વીજળી અધિનિયમ- ૨૦૦૩ની કલમ ૧૦૫ (૨) અન્વયે આવશ્યકતા પ્રમાણે નાણાંકિય વર્ષ ૨૦૦૬-૦૭નો આયોગ આઠમો વાર્ષિક અહેવાલ રજૂ કરે છે.

પી. એસ. શાહ આઈ.એ.એસ.
સચિવ
ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

વિષય-સૂચિ

વિશિષ્ટતા :

૧. આયોગનો વ્યવસ્થા ચાર્ટ

(ક) આયોગ

(ખ) આયોગની કચેરી

(ગ) કર્મચારી વર્ગ

(ઘ) માળખું

૨. આયોગનાં કાર્યો

૩. પ્રવૃત્તિઓ, ૨૦૦૬-૦૭

(ક) ટેરિફ નક્કી કરવી

(ખ) ધોરણ સ્થાપવાં

(ગ) ખુલ્લા ઉપલભ્ય ચાર્જ અંગે નિયંત્રક પ્રવૃત્તિ

(ઘ) જાહેર કરેલા એવોર્ડ અને કરેલા હુકમો

(ચ) વિવાદ અને મતભેદનો ન્યાય નિર્ણય

(છ) લાયસન્સ આપવાં

(જ) રાજ્ય સલાહકાર સમિતિ અને તેનાં કાર્યો

(ઝ) આયોગે કરેલા બીજા કાર્યો

૪. હિસાબના વાર્ષિક પત્રકો

જોડાણો :

જોડાણ ૧.૧	નાણાંકીય વર્ષ ૨૦૦૬-૦૭માં અરજીઓનો નિકાલ
જોડાણ ૧.૨	નાણાંકીય વર્ષ ૨૦૦૬-૦૭માં અપીલનો નિકાલ
જોડાણ ૨.૧	આયોગની અંદરના અધિકારીઓ/કર્મચારીઓ
જોડાણ ૨.૨	આયોગનો વ્યવસ્થા ચાર્ટ
જોડાણ ૩.૧	આયોગો અધિસૂચિત કરેલા વિનિયમોની યાદી
જોડાણ ૪.૧	નાણાંકીય વર્ષ ૨૦૦૬-૦૭માં ઓમ્બુડઝમેનની કચેરીમાં મળેલી ફરીયાદોનો પ્રકાર
જોડાણ ૪.૨	નાણાંકીય વર્ષ ૨૦૦૬-૦૭માં ગ્રાહક ફોરમના હુકમો સામેની રજૂઆતની સંખ્યાની વિગતો

વિશિષ્ટતા

આયોગના આઠમા વાર્ષિક અહેવાલમાં તેની નાણાંકીય વર્ષ ૨૦૦૬-૦૭ની પ્રવૃત્તિઓ આવરી લેવામાં આવી છે. આયોગની મહત્વની પ્રવૃત્તિઓ અને સિદ્ધિઓની વિશિષ્ટતા નીચે મુજબ છે.

- ❖ ભૂતપૂર્વ ગુજરાત વિદ્યુત બોર્ડની ચાર વિભાજીત વિતરણ કંપનીઓ માટે જથ્થાબંધ પુરવઠાની ૨૦૦૬-૦૭ના વર્ષ માટેની ટેરિફ ૬ઠ્ઠી મે ૨૦૦૬ના રોજ નક્કી કરવી.
- ❖ ચાર વિભાજીત વિતરણ કંપનીઓ માટે ૨૦૦૭-૦૮ના વર્ષ માટે તા. ૩૧-૦૩-૨૦૦૭ના રોજ જથ્થાબંધ પુરવઠાની ટેરિફ નક્કી કરવી.
- ❖ નીચેના બે વિનિયમોમાં સુધારા/જાહેરનામું

  - પુરવઠા સંહિતા અને સંબંધિત બાબતો (દ્વિતીય સુધારો)

  - વિતરણ સંહિતા (પ્રથમ સુધારો)
- ❖ ગુજરાત રાજ્યના બધા ઉત્પાદન મથકોને રાજ્ય અંતર્ગત ઉપલભ્યતા આધારિત ટેરિફ (એબીટી)ના ક્ષેત્રાધિકાર હેઠળ લાવવા અંગે હુકમ બહાર પાડવો.
- ❖ ૨૦ વર્ષની સમગ્ર પરિયોજના આવરદા માટે પવન ઉર્જા પરિયોજનાઓમાંથી વિતરણ લાયસન્સદારે વિદ્યુતની પ્રાપ્તિ માટે કિંમત નક્કી કરવી.
- ❖ સ્પર્ધાત્મક બોલી દસ્તાવેજોમાં વિચલનને મંજૂરી અને ભારત સરકારની માર્ગદર્શક સૂચનાઓના કેસ હેઠળ ૩૨૦૦ મે.વો.ની વિદ્યુત શક્તિ માટે ગુજરાત ઉર્જા વિકાસ નિગમે સફળતાપૂર્વક ઈરાદાપત્રો આપવા.
- ❖ ૫૮ અરજી અને ૩૨ અપીલોનો નિકાલ.
- ❖ નીચેની બેઠકો યોજવી.

  - જુલાઈ / ઓગષ્ટ ૨૦૦૭માં રાજ્ય સલાહકાર સમિતિની બેઠક.

  - વિતરણ કંપનીઓના ગ્રાહક ફરિયાદ નિવારણના અધ્યક્ષ અને સભ્યોની બેઠક

૧. આયોગનો વ્યવસ્થા ચાર્ટ

(ક) આયોગ

શ્રી જી. સુબ્બારાવ આયોગના અધ્યક્ષ છે. શ્રી. કે. પી. ગુપ્તા અને ડૉ. મનમોહન ભારતીય પ્રોદ્યોગિકી સંસ્થા (IIT), દિલ્હીએ ૧૩મી માર્ચ ૨૦૦૭ના રોજ કામચલાઉ પ્રમાણપત્ર આપ્યુ છે. (ઓગષ્ટ ૨૦૦૭માં ડિગ્રી) તેના સભ્ય છે.

(ખ) આયોગની કચેરી

શ્રી. પી. એસ. શાહ, આઈ.એ.એસ., સચિવ આયોગની કચેરીના વડા છે. તેમણે ૧૫મી સપ્ટેમ્બર ૨૦૦૪થી પોતાનો હવાલો સંભાળ્યો છે. આ કચેરી આશ્રમ રોડ પર સાબરમતી નદીના કિનારા નજીક નેપ્ચ્યુન ટાવર તરીકે ઓળખાતા ભવનની ભાડાની જગ્યામાં આવી છે.

(ગ) કર્મચારીવર્ગ

આયોગનો કર્મચારીવર્ગ સીધી ભરતીથી અથવા કરાર પર અથવા પ્રતિનિયુક્તિ ધોરણે નિમવામાં આવે છે. જોડાણ ૨.૧માં આયોગના સ્ટાફની સ્થિતિ અને જોડાણ ૨.૨ માં વ્યવસ્થા ચાર્ટ દર્શાવ્યાં છે.

પદધારી કર્મચારીવર્ગ અને તેમના હોદ્દા નીચે આપ્યા છે.

ક્રમ નં.	કર્મચારીનું નામ	હોદ્દો
૧.	શ્રી પી. એસ. શાહ	સચિવ
૨.	શ્રી એલ. બી. ક્રિશ્ચિયન	નાયબ નિયામક (વહીવટ અને હિસાબ)
૩.	શ્રી બી. એસ. જયસ્વાલ	કાનુની સલાહકાર
૪.	શ્રી બી. પી. કુડલિયા	નાયબ નિયામક (નાણાં)
૫.	શ્રી આર. એચ. શાહ	નાયબ નિયામક (ટેકનિકલ-૧)
૬.	શ્રી. ડી. આર. પરમાર	નાયબ નિયામક (ટેકનિકલ-૨)
૭.	શ્રી. એસ. આર. પાંડેય	નાયબ નિયામક (કાનૂન)
૮.	શ્રી જે. બી. શેલત	હિસાબી અધિકારી
૯.	શ્રી. ડી. આર. પરમાર	એક્ઝીક્યુટીવ
૧૦.	શ્રી. ડી. ટી. શાહ	એક્ઝીક્યુટીવ
૧૧.	શ્રી. એન. બી. પટેલ	એક્ઝીક્યુટીવ
૧૨.	શ્રીમતી ડી. એસ. મહેતા	એક્ઝીક્યુટીવ
૧૩.	શ્રી કે. એલ. કાયસ્થ	એક્ઝીક્યુટીવ
૧૪.	શ્રી પી. આર. શશી	અંગત મદદનીશ
૧૫.	શ્રી બેબી વર્ગીસ	અંગત મદદનીશ
૧૬.	શ્રી આર. જી. પિલ્લાઈ	અંગત મદદનીશ
૧૭.	શ્રીમતી પી. એ. ક્રિશ્ચિયન	અંગત મદદનીશ
૧૮.	શ્રી આર. પી. નાયર	અંગત મદદનીશ

(ઘ) માળખું

કચેરીનું મકાન :-

કેસની સુનાવણી ચલાવવા અને તેના નિકાલ માટે આયોગની કચેરીમાં ખાસ કોર્ટ રૂમ છે. જુદી જુદી બાબતો અને વિષયો પરનાં પુસ્તકો ધરાવતા મકાનમાં ગ્રંથાલય ખંડ પણ છે. મકાનમાં પરિષદ ખંડ પણ છે.

સ્થાનિક વિસ્તાર માળખું :-

આયોગનાં બધા કોમ્પ્યુટર કોઈ સંદર્ભ પેપર અને અહેવાલ મેળવવા માટે આંતરિક વેબસાઈટથી સ્થાનિક વિસ્તાર માળખા મારફત જોડાયાં છે.

આંતરિક વેબસાઈટ વિકસાવાઈ :-

આંતરિક રીતે વેબસાઈટ www.gercin.org વિકસાવાઈ છે અને આયોગની કચેરી તેને જાળવે છે અને અદ્યતન બનાવે છે. વેબસાઈટમાં આયોગનાં પ્રોફાઈલ અને કાર્યો તેના કર્મચારીવર્ગની વિગતો, અધિસૂચિત વિનિયમો, ટેરિફ હુકમો, કરેલા ન્યાયનિર્ણય, સલાહકારના અહેવાલ, વાર્ષિક અહેવાલ, માહિતી હક્ક (RTI) અધિનિયમ હેઠળના પીએડી, સુનાવણીની યાદી અને અન્ય નિયંત્રક આયોગની વેબસાઈટની કડીનો સમાવેશ થાય છે.

ગ્રંથાલય :-

ગ્રંથાલય ખંડમાં મુખ્યત્વે આયોગના કાર્યો પર આધારિત સાહિત્ય છે. જરૂરી ન્યાયિક સંદર્ભ મેળવવામાં આયોગને મદદરૂપ થવા સર્વોચ્ચ અદાલતના કેસના ઓન લાઈન સીંગલ યુઝર લાયસન્સ પણ ગ્રંથાલયમાં છે.

૨. આયોગનાં કાર્યો

આદેશ

વિદ્યુત અધિનિયમ ૨૦૦૩નો હેતુ વિદ્યુતનાં ઉત્પાદન, પ્રવાહન, વિતરણ, વેપાર અને ઉપયોગને લગતા કાયદા એકત્રિત કરવાનો છે, તે સામાન્ય રીતે વિદ્યુત ઉદ્યોગના વિકાસને સહાયક પગલાં લે છે, તેમાં સ્પર્ધાને પ્રોત્સાહન આપે છે, ગ્રાહકોના હિતનું રક્ષણ કરે છે, તમામ વિસ્તારોને વિદ્યુત પૂરી પાડે છે, વિદ્યુત ટેરિફનું સુયોજન કરે છે, સહાયકી અંગે પારદર્શક નીતિ નિશ્ચિત કરે છે, કાર્યક્ષમ અને પર્યાવહરણની દ્રષ્ટિએ હિતકારી નીતિને ઉત્તેજન આપે છે. મધ્યસ્થ વિદ્યુત સત્તાતંત્ર નિયંત્રક આયોગની રચના કરે છે. અને અપીલ ટ્રિબ્યુનલ સ્થાપે છે. ગ્રાહકો તેમજ વિદ્યુત પુરવઠાકારના હિતને ધ્યાનમાં લઈને ખુલ્લા, ભેદભાવ વિનાની, સ્પર્ધાત્મક બજારલક્ષી પર્યાવરણમાં વિદ્યુતશક્તિ સેક્ટરના વિકાસને સહાયક માળખું ઉભું કરવા માંગે છે.

કાર્યો

વિદ્યુત અધિનિયમ ૨૦૦૩ અનુસાર, આયોગે નીચેનાં કાર્યો કરવાનાં છે.

(ક) રાજ્યની અંદર યથાપ્રસંગ જથ્થાબંધ, બલ્ક અથવા છૂટક વિદ્યુતનાં ઉત્પાદન, પુરવઠા, પ્રવાહન અને વ્હીલિંગ માટે ટેરિફ નક્કી કરવી. પરંતુ કલમ ૪૨ હેઠળ ગ્રાહકોની કક્ષાને ખુલ્લા પ્રવેશની પરવાનગી અપાઈ હોય ત્યાં, રાજ્ય આયોગ ગ્રાહકોની ઉક્ત કક્ષા માટે ફક્ત વ્હીલીંગ ચાર્જ અને તે પર કોઈ સરચાર્જ હોય, તો તે નક્કી કરે છે.

(ખ) રાજ્યની અંદર વિતરણ અને પુરવઠા માટે વિદ્યુત શક્તિનીખરીદી માટેના કરાર મારફત વીજ ઉત્પાદક કંપનીઓ, અથવા પરવાનેદારો અથવા બીજા સ્ત્રોતોમાંથી પ્રાપ્ત કરવાના વિદ્યુતની કિંમત સહિત વિદ્યુતની ખરીદી અને વિતરણ લાયસન્સદારની પ્રાપ્તિ પ્રક્રિયાનું વિનિયમન કરવું.

(ગ) આંતર-રાજ્ય વીજ પ્રવાહન અને વ્હીલીંગને સગવડ કરી આપવી.

(ઘ) રાજ્યની અંદર પ્રવાહન પરવાનેદારો, વિતરમ પરવાનેદારો અને વજળીના વેપારીઓ તરીકે કામ કરવા માંગતી વ્યક્તિઓને તેમની કામગીરી માટે પરવાના આપવા.

(ચ) ગ્રીડ સાથેના જોડાણ કરવા તથા કોઈ વ્યક્તિને વીજળીનું વેચાણ કરવા યોગ્ય પગલાં લઈને વજળીનાં નવીનીકરણપાત્ર સાધનોમાંથી વિજળીના સહ-ઉત્પાદન અને ઉત્પાદનને પ્રોત્સાહન આપવું અને આવા સાધનોમાંથી વીજળીની ખરીદી માટે વિતરણ પરવાનાના ક્ષેત્રમાં વીજળીના વપરાશની ટકાવારી પણ નિદિર્ષ્ટ કરવી.

(છ) પરવાનેદારો અને વીજ ઉત્પાદન કંપનીઓ વચ્ચેની તકરારનો ન્યાય-નિર્ણય આપવો અને કોઈ તકરાર લવાદને સોંપવી.

(જ) આ અધિનિયમના હેતુઓ માટે ફી આપે છે.

(ઝ) કલમ ૭૬ની પેટા કલમ (૧) ના ખંડ (ઝ) અન્વયે નિર્દિષ્ટ કરેલ ગ્રીડ-કોડ સાથે સુસંગત રાજ્ય ગ્રીડ-કોડ નિર્દિષ્ટ કરે છે.

(ટ) પરવાનેદારોની સર્વિસની ગુણવત્તા, સાતત્ય અને વિશ્વસનીયતા અંગેના ધોરણો નિર્દિષ્ટ કરવા કે અમલ કરવો.

(ઠ) જરૂરી જણાય તો, વીજળીના આંતર-રાજ્ય વેપારમાં વેપારની સીમા (માર્જીન) નક્કી કરવી.

(ડ) વીજ-ખરીદી સમજૂતિઓની મંજુરી અને

(ઢ) આ અધિનિયમ હેઠળ સોંપેલા આવા બીજા કાર્યો બજાવવા.

૩. નાણાંકિય વર્ષ ૨૦૦૬-૦૭ દરમિયાન પ્રવૃત્તિઓ

(ક) ટેરિફ નક્કી કરવી.

ટેરીફ હુકમ તા. ૦૬-૦૫-૨૦૦૬

તત્કાલીન ગુજરાત વિદ્યુત બોર્ડની ચાર વિભાજીત વિતરણ કંપનીઓ તેમજ પ્રવાહન કંપની અને ઉત્પાદક કંપનીએ તેમની નાણાંકીય વર્ષ ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ માટેની અને તે પછીની તેમની પ્રથમ વાર્ષિક મહેસૂલી જરૂરિયાત અને ટેરિફ સુધારણા અરજીઓ જાન્યુઆરી ૨૦૦૬માં આયોગ સમક્ષ રજુ કરી. આ અરજીઓ પર તા. ૬ઠ્ઠી મે ૨૦૦૬ના રોજ નિર્ણય લેવાયો. ફેરફારના સંક્ષિપ્ત અવલોકન નીચે મુજબ છે.

ચાર વિભાજીત (Unbundled) વિતરણ લાઈસન્સદાર (દક્ષિણ ગુજરાત વીજ કં. લિ., મધ્ય ગુજરાત વીજ કં. લિ., પશ્ચિમ ગુજરાત વીજ કં. લિ. અને ઉત્તર ગુજરાત વીજ. કં. લિ.)

- જોડેલા વીજભારના કિ.વી. દીઠ સાથે જોડીને તેના નિયત ચાર્જ સાથે રહેઠાણ અને વાણિજ્યિક કક્ષાના ગ્રાહકો માટે ટેરિફ અનુસૂચિમાં ફેરફાર કરાયો.
- વિદ્યુત શક્તિ પરિબળનું રિબેટ કાઢી નાંખીને ઉચ્ચ વોલ્ટતા (હાઈટેન્સન) ના ગ્રાહકો માટે ટેરિફનું સુયોજન કર્યું.
- નાણાંકીય વર્ષ ૨૦૦૬-૦૭ માટે સાથે વિચારીને તમામ વિતરણ લાઈસન્સદારો માટે ટેરિફ અને વિતરણ ખોટ આશરે ૨૫% લેખે મંજુર કરાયું.
- કેન્દ્રીય વિદ્યુત નિયંત્રક આયોગના લાગુ પડતા ઘસારા દરે ઘટની છૂટ અપાઈ અને ઈક્વિટી પરના વળતરની ૭% લેખે પરવાનગી અપાઈ.

પ્રવાહન લાઈસન્સદાર (ગુજરાત ઊર્જા પ્રવાહન કંપની લિ.)

- ૨૦૦૬-૦૭ના નાણાંકિય વર્ષ માટે રૂા. ૮૬, ૧૪૨/- મે. વોટ/માસિક લેખે સમગ્ર રાજ્ય માટે રોકડમાં પ્રવાહન ચાર્જની સરેરાશ કાઢી કેન્દ્રીય વિદ્યુત નિયંત્રક આયોગે (સી.ઈ.આર.સી.) માન્ય કરેલા દરે ઘટની અને ઈક્વીટી પર ૧૦% લેખે વળતરની છૂટ અપાઈ.
- ૨૦૦૬-૦૭ ના નાણાંકિય વર્ષ માટે પ્રવાહન નુકશાન ૪.૨૭% લેખે મંજુર કરાયું.
- ૨૦ ટકા લેખે પુનઃ સક્રિય વીજશક્તિ ખેંચવા માટે પુનઃસક્રિય ઉર્જા ચાર્જ અગાઉ નિયત કરેલા ૧૦ પૈસા/ કેવીએઆરએચમાંથી સુધારીને ૧૦ પૈસા/ કેવીએઆરએચ અથવા નિકાસ કરેલી ચોખ્ખી ઉર્જા બાદ કરીને અને નિકાસ કરેલ ચોખ્ખી ઉર્જાના ૧૦% અથવા વધારે લેખે પુનઃસક્રિય વીજશક્તિ ખેંચવા માટે ૨૫ પૈસા/કેવીએઆરએચ કરાયા હતા.
- પવન ફાર્મમાંથી વ્હીલ થતી વીજશક્તિ માટેનો વ્હીલિંગ ચાર્જ અગાઉના ૪%ની કક્ષાએ રખાયો હતો.

ઉત્પાદક કંપની (ગુજરાત રાજ્ય વિદ્યુત નિગમ લિ.)

- ❖ બળતણ શક્તિ ખરીદી સમાયોજના (એફપીપીપીએ) ના ૨ પૈસા/યુનિટના દર ટેરિફમાં ભેળવી દેવામાં આવ્યા છે.
- ❖ લાગુ પડતા દરે ઘસારો અને ઈક્વિટી પર ૧૩% લેખે વળતર બંનેની છૂટ અપાઈ.

ટેરિફ હુકમ તા. ૩૧-૦૩-૨૦૦૭

પ્રથમ વાર્ષિક મહેસૂલ જરૂરિયાત/ટેરિફ સુયોજન અરજીથી આગળ, વિભાજીત ગુજરાત વિદ્યુત બોર્ડના જુદા-જુદા લાઈસન્સદારોને ૨૦૦૬-૦૭ દરમિયાન નાણાંકિય વર્ષ ૨૦૦૭-૦૮ માટે વાર્ષિક મહેસૂલી જરૂરિયાત અરજી દાખલ કરી. આ અરજીઓ માટેના ટેરિફ હુકમ ૩૧મી માર્ચ ૨૦૦૭ના રોજ અપાયા. મહત્વનાં લક્ષણોની વિગત ટૂંકમાં નીચે દર્શાવી છે.

ચાર વિભાજીત વિતરણ લાઈસન્સદાર (દક્ષિણ ગુજરાત વીજ કં. લિ., મધ્ય ગુજરાત વીજ કં. લિ., પશ્ચિમ ગુજરાત વીજ કં. લિ. અને ઉત્તર ગુજરાત વીજ. કં. લિ.)

- ❖ તમામ ગ્રાહક કક્ષા માટેની ટેરિફ સૂચિમાં કોઈ ફેરફાર કર્યો નથી.
- ❖ તમામ વિતરણ લાઈસન્સદારને ભેગા ગણીને નાણાંકિય વર્ષ ૨૦૦૭-૦૮ માટે પ્રવાહન અને વિતરણ ખોટ અંદાજે ૨૧.૫% લેખે મંજૂર કરવામાં આવી હતી.
- ❖ ઘસારો લાગુ પડતા કેન્દ્રીય વિદ્યુત નિયંત્રક આયોગ (સીઈઆરસી) ના ઘસારા દરે અને ઈક્વીટી પર વળતર ૭% લેખેની છૂટ અને પરવાનગી અપાઈ છે.
- ❖ ખુલ્લા ઉપલભ્ય (ઓપન એસેસ) ગ્રાહકો માટે સામી સહાયકી સરચાર્જ ૧.૩૫/યુનીટથી ઘટાડીને રૂા. ૧.૦૦/- યુનિટ રાખ્યા છે.

  તા. ૩૧-૦૩-૨૦૦૭ના અલગ સમીક્ષા હુકમ કરીને આવો નાણાંકીય વર્ષ ૨૦૦૭-૦૮થી ઉચ્ચ વોલ્ટતા (હાઈ ટેન્સન ગ્રાહકોને અગાઉ લાગુ પડતું વિજશક્તિ પરિબળ રિબેટ અંશતઃ પુનઃસ્થાપિત કર્યુ છે.

પ્રવાહન લાઈસન્સદાર (ગુજરાત ઉર્જા પ્રવાહન કં. લિ.)

- ❖ ૨૦૦૭-૦૮ના નાણાંકિય વર્ષ માટે રોકડમાં પ્રવાહન ચાર્જ સમગ્ર રાજ્ય માટે ઘટાડીને રૂા. ૭૬,૫૨૧/મે.વોર્ટ/માસિક રાખ્યા છે. કેન્દ્રીય વિદ્યુત નિયમંત્રક આયોગે મંજૂર કરેલા દરે ઘસારાની અને ઈક્વીટી પર ૧૦% લેખે વળતરની છૂટ અપાઈ છે.
- ❖ ૨૦૦૭-૦૮ના નાણાંકિય વર્ષ માટે પ્રવાહન નુકશાન ૪.૩૫% લેખે મંજુર કરવામાં આવ્યુ છે.
- ❖ પવન ફાર્મમાંથી વ્હીલ કરેલ વીજશક્તિ માટે વ્હીલીંગ ચાર્જ અગાઉના ૪%ની કક્ષાએ રાખ્યા છે.

ઉત્પાદન કંપની (ગુજરાત રાજ્ય વિદ્યુત નિગમ લિ.)

- ❖ ઘસારો સીઈઆરસીએ મંજૂર કરેલ દરે અને ઈક્વીટી પરનું વળતર ૧૩% લેખે છૂટ અપાઈ છે.
- ❖ ૧૫૩૭.૪૫ મે.વો.ની નવી પરિયોજનાઓ માટે ૫૭૦૫.૨૫ કરોડના મૂડી-રોકાણની છૂટ અપાઈ છે.

સ્પર્ધાત્મક બોલી

રાજ્ય વિતરણ કંપનીઓ વતી **ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિ.** એ ત્રણ બોલી પ્રક્રિયાઓ-૦૧/એલટીપીપી/૨૦૦૬, ૦૨/એલટીપીપી/૨૦૦૬ અને ૦૩/એલટીપીપી/૨૦૦૬ હેઠળ લાંબા ગાળાના ધોરણે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિ. ને વીજશક્તિ પૂરી પાડવા માટે કાર્યક્ષમ અને શક્તિશાળી પેઢીઓ પાસેથી ૧લી ફેબ્રુઆરી ૨૦૦૬ના રોજ લાયકાત માટેના પ્રસ્તાવ મંગાવ્યા હતા. ભારત સરકારના વીજશક્તિ મંત્રાલયના ધોરણસરના બોલી દસ્તાવેજોની જેમ દેશમાં તે પ્રકારની આ પ્રથમ બોલી હતી. પ્રથમ બોલી ૦૧/એલટીપીપી/૨૦૦૬ ૨૫ વર્ષની મુદત માટે કોલસા/લિગ્નાઈટ પર ૨૦૦૦મે.વો./૧૦૦ મે.વોટની અધિકતમ/ન્યૂનતમ શક્તિ માટે હતી. દ્વિતીય બોલી ૦૨/એલટીપીપી/૨૦૦૬ ૧૫/૨૫/૩૫ વર્ષની મુદત માટે કોઈપણ બળતણ પર ૨૦૦૦મે.વોટ/૧૦૦ મે.વોટની અધિકતમ/ન્યૂનતમ શક્તિ માટે હતી. છેલ્લી બોલી ૦૩/એલટીપીપી/૨૦૦૬ ૨૫ વર્ષની મુદત માટે આયાતી કોલસા પર ૨૦૦૦ મે.વો./૫૦૦મે.વોટની અધિકતમ/ન્યુનતમ શક્તિ માટે હતી. લગભગ ૪૪ પેઢીઓએ ૨૬.૫૨ મે.વોટની પૂર્વ લાયકાત પ્રસ્તાવિત શક્તિ સાથે બોલીમાં રસ દર્શાવ્યો હતો.

દરખાસ્તની વિનંતીની છેલ્લી તારીખે ૦૧/એલટીપીપી/૨૦૦૬ માટે ૩ બોલી, ૦૨/એલટીપીપી/૨૦૦૬ માટે ૬ બોલી અને ૦૩/એલટીપીપી/૨૦૦૬ માટે ૪ બોલી મળી હતી. યોગ્ય વિચારણા બાદ ગુજરાત ઉર્જા વિકાસ લિ. એ નીચેના બોલી બોલનાર પસંદ કર્યા હતા.

ક્રમ નં.	બોલી બોલનારનું નામ	બોલી પ્રક્રિયા	શક્તિ મે.વોટમાં	કુલ સમતલ ટેરિફ રૂ./કિ.વોટ	વીજશક્તિ ખરીદી કર(પીપીએ) સહિત દસ્તાવેજો પર સહી કરવાની તારીખ
૧.	અદાણી એન્ટરપ્રાઈઝીસ લિ.	૦૧/એલટીપીપી/૦૬	૧૦૦૦	૨.૮૯	૦૬-૦૨-૦૭
૨.	આર્યન કોન્સોર્ટિયમ	૦૨/એલટીપીપી/૦૬	૨૦૦	૨.૨૪૯૮	૨૬-૦૨-૦૭
૩.	અદાણી કોન્સોર્ટિયમ	૦૨/એલટીપીપી/૦૬	૧૦૦૦	૨.૩૪૯૫	૦૨-૦૨-૦૭
૪.	એસ્સાર પાવર લિ.	૦૩/એલટીપીપી/૦૬	૧૦૦૦	૨.૪૦૦૬	૨૬-૦૨-૦૭
		કુલ	૩૨૦૦		

મુખ્ય હુકમો

૧. **ટીપીએએલ, ટીપીએસએલ, ટીપીજીએલ અને ટોરેન્ટ પાવર લિ. નું એકત્રીકરણ (અરજી નં. ૮૮૧-૨૦૦૬) અને ટોરેન્ટ પાવર લિ. ના નામે વિતરણ લાઈસન્સ તબદીલ કરવું.**

ટોરેન્ટ પાવર લિ., ટોરેન્ટ પાવર એ.ઈ.સી.લિ., ટોરેન્ટ પાવર એસ.ઈ.સી.લિ. અને ટોરેન્ટ પાવર જનરેશન લિ. એ ૧૨મી એપ્રિલ ૨૦૦૬ના રોજ આયોગને (ક) ટી.પી.એ.એલ.ને ટી.પી.એ.એલ. સાથે ભેળવી દેવા અને તેની સાથેનાં લાઈસન્સ અને ઉપયોગિતા ટોરેન્ટ પાવર લિ. ને તબદીલ કરવા અને (ખ) ટીપીએસએલ અને ટીપીએએલના સ્થાને લાઈસન્સદાર તરીકે ટોરેન્ટ પાવર લિ. નું નામ દાખલ કરવાની અરજી કરી હતી.

આયોગે ટોરેન્ટ પાવર અમદાવાદ ઈલેક્ટ્રી સિટી કં. લિ. અને ટોરેન્ટ પાવર સૂરત ઈલેક્ટ્રિસિટી કં. લિ.ને સંબંધિત લાઈસન્સમાં ટીપીએએલ અને ટીપીએસએલના સ્થાને લાઈસન્સદાર તરીકે ટોરેન્ટ પાવર લિ. નું નામ દાખલ કરીને લાઈસન્સ તબદીલી/એસાઈનમેન્ટ મંજુર કર્યુ છે. તેમ છતાં આ મંજુરી ટીપીએએલ, ટીપીએસએલ, ટીપીજીએલ અને ટોરેન્ટ પાવર લિ.ના એકત્રીકરણ/વિલિનીકરણની યોજના પર માનનીય ગુજરાત હાઈકોર્ટ જે આદેશ આપે તેને આધીન હતી. ગુજરાત હાઈકોર્ટે ૧૧મી સપ્ટેમ્બર ૨૦૦૬ના રોજ એકત્રીકરણ/વિલીનીકરણની યોજનાને બહાલી આપી.

૨. આયોગે ૧૧-૮-૨૦૦૬ના રોજ ગુજરાત રાજ્યનાં ઉત્પાદક મથકો, વિતરણ લાઈસન્સદારો અને અન્ય વ્યક્તિઓને ઈન્ટ્રા-સ્ટેટ એબીટીના ક્ષેત્રાધિકારમાં લાવવા હુકમ (૨૦૦૬નો ત્રીજો હુકમ) બહાર પાડ્યો. રાજ્યની અંદર એબીટીના અમલથી ભારતીય નિયંત્રણ ફોરમ (ફોઈર) પેટા-સમિતિના અહેવાલમાં જણાવ્યા મુજબ પ્રાદેશિક ગ્રિડની કામગીરીમાં નીચેના સુધારા થયા.

(ક) ગ્રિડની વારંવારતામાં ઘણોખરો સમય ૪૮-૫૨ એચઝેડ શ્રેણીમાં ઘણો સુધારો થઈને તે ૪૯.૦-૫૦.૫ એચઝેડ થઈ.

(ખ) વધુ કામગીરીના સમયમાં ઉત્પાદન વધારીને અધિકતમ કરવામાં અંતર્ગત પ્રોત્સાહનોને કારણે ગ્રાહકોને વધારે માંગને પહોંચી વળવું.

(ગ) વિકેન્દ્રીકૃત અનુસૂચિ મારફત પ્રદેશવ્યાપી ધોરણે સાચી ગુણવત્તા અનુસાર ઉત્પાદન મથકોનું સંચાલન થઈ રહ્યુ છે.

(ઘ) હાઈડ્રો-ઈલેકટ્રિક ઉત્પાદનનો અગાઉ કરતાં વધારે ઈષ્ટતમ ઉપયોગ થાય છે.

(ચ) મધ્યસ્થ ઉત્પાદક મથકોમાં રાજ્યના હિસ્સાએ નવો અર્થ પ્રાપ્ત કર્યો છે. અને ગ્રિડ શિસ્તને પ્રોત્સાહન અપાયુ છે.

(છ) વિચલન/અસમાનતા હલ કરવા અનિર્ધારિત આંતર ફેરફાર કરવા (યુઈ) તંત્રરચના મારફત ખુલ્લી ઉપલભ્યતા (ઓપન એસેસ) કેપ્ટિવ ઉત્પાદનના વ્હીલિંગ અને વીજશક્તિ વેપાર શક્ય બન્યા છે.

(જ) રાજ્યો તેની પ્રસંગોપાત અધિક માંગને પ્રાદેશિક ગ્રિડમાંથી અધિક ઉપાડ કરીને અને ઓછો ઉપાડ કરતાં રાજ્યોને લાગુ પડતા અનિર્ધારિત આંતર ફેરફાર (યુ.આઈ.) ચાર્જ ચૂકવીને પહોંચી વળે છે.

૩. પવન ઉર્જા પરિયોજનામાંથી ગુજરાતમાં વિતરણ લાઈસન્સદાર દ્વારા વીજ-શક્તિ પ્રાપ્ત કરવા માટે કિંમત નક્કી કરવાની બાબતમાં આયોગે હુકમ બહાર પાડ્યો છે. આ હુકમ બહાર પાડતાં અગાઉ આયોગે, પવન પરિયોજનાઓ મારફત ઉત્પન્ન થતી વિદ્યુતની ખરીદ કિંમત માટે ચર્ચા કરવાના પેપરનો મુસદ્દો રજુ કર્યો હતો અને લાગતાવળગતા પાસેથી તેમનાં ટીકા-ટિપ્પણ/સૂચનો મંગાવ્યા હતાં. આયોગે નવી પવન ઉર્જા પરિયોજના પાસેથી તેની સમગ્ર ૨૦ વર્ષની પરિયોજના આવરદા માટે એટલે કે, પ્રથમ વર્ષથી વીસમા વર્ષ સુધી રૂા. ૩.૩૭ (સતત) લેખે ટેરિફ નક્કી કરી હતી. આ હુકમ અનુસાર, પવન ઉર્જા ઉત્પાદનનો લગભગ ૨૫૦ મે. વો. શક્તિનો ઉમેરો થયો.

૪. આયોગે ૩જી જાન્યુઆરી ૨૦૦૭ના રોજ બગાસ્સે આધારિત સહ-ઉત્પાદન પરિયોજનાઓ પાસેથી ગુજરાતમાં વિતરણ લાઈસન્સદાર દ્વારા વીજશક્તિની પ્રાપ્તિ માટે કિંમત નક્કી કરવાની બાબતમાં હુકમ (૨૦૦૭નો પહેલો હુકમ) બહાર પાડ્યો છે. આ હુકમ બહાર પાડતાં અગાઉ, આયોગે બગાસ્સે આધારિત સહ-ઉત્પાદન પરિયોજનાઓ માટે ચર્ચા કરવાનું પેપર રજૂ કરીને લાગતાવળગતા પાસેથી ટીકા-ટિપ્પણ/સૂચનો મંગાવ્યા હતાં. આયોગે પ્રથમ વર્ષથી વીસમાં વર્ષ સુધીની ૨૦ વર્ષની સમગ્ર પરિયોજના આવરદા રૂા. ૩.૦૦ (સતત) લેખે ટેરિફ નક્કી કરી હતી.

૫. વિતરણ લાઈસન્સદારો - દક્ષિણ ગુજરાત વીજ કં. લિ., મધ્ય ગુજરાત વીજ કં. લિ., ઉત્તર ગુજરાત વીજ કં. લિ., અને પશ્ચિમ ગુજરાત વીજ કં. લિ., માટે એફપીપીપીએની કામગીરી

આયોગે તેના તા. ૦૬-૦૫-૨૦૦૬ના ટેરિફ હુકમથી ૧લી એપ્રિલ ૨૦૦૬ અગાઉ ચાર્જ કરાતા ૨પૈસા/કિ.વો./કલાકની રકમ વિતરણ લાઈસન્સદારની ટેરિફ સાથે ભેળવી દીધા હતા. ત્યારબાદ નાણાંકીય વર્ષ ૨૦૦૬-૦૭ના જુદા જુદા ત્રણ માસ માટે વિતરણ લાઈસન્સદારોએ બળતણ શક્તિ ખરીદી સમાયોજન (એફપીપીપીએ) એ ગણતરી મંજૂર કરવા તેના સલાહકાર તરીકે મે. એબીપીએસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એડવાઈઝરી લિ. મુંબઈને નીમ્યા. સલાહકારના અહેવાલ અને કર્મચારીવર્ગની ચકાસણી પર આધાર રાખીને, ૨૦૦૬-૦૭ના નાણાંકિય વર્ષથી ગુજરાતના ગ્રાહકો પાસેથી વસૂલ કરવાની બળતણ શક્તિ ખરીદી સમાયોજના (એફપીપીપીએ)ની રકમ તરીકે ૧૨પૈસા/યુનિટ નક્કી કર્યો.

(ખ) ધોરણ સ્થાપવાં

મુસદ્દારૂપ વિનિયમો, સંકેત અને ધોરણ

૨૦૦૬-૦૭ના નાણાંકિય વર્ષ દરમિયાન બે વિનિયમો સુધારાયા અને અધિસૂચિત થયા હતા. ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ વેપાર સંચાલન વિનિયમો, ૨૦૦૫માં જણાવેલી કાર્યપદ્ધતિ અનુસરીને તેમને આખરીરૂપ અપાયુ હતું. લોકોની ટીકા-ટિપ્પણ મંગાવવા માટે અંગ્રેજી અને ગુજરાતી વર્તમાનપત્રોમાં અખબારી યાદી આપ્યા પછી વિનિયમોના મુસદ્દા આયોગની વેબસાઈટ પર રખાયા હતા. વિનિયમોને આખરીરૂપ આપતાં પહેલાં ટીકા-ટિપ્પણ અને વાંધા વિચારણામાં લીધા હતા.

૩૧મી માર્ચ ૨૦૦૭ સુધીમાં અધિસૂચિત કરેલા વિનિયમોની યાદી જોડાણ ૩.૧માં આપી છે.

૨૦૦૬-૦૭ના નાણાંકિય વર્ષમાં અધિસૂચિત વિનિયમો વિનિયમ નં. ૧૧/૨૦૦૫ : વિદ્યુત પુરવઠો સંહિતા અને તેને લગતી બાબતો (દ્વિતીય સુધારો)

જાહેરનામું (તા. ૨૫મી સપ્ટેમ્બર ૨૦૦૬)

કલમ ૩.૧.૨ (ખ) ૫.૩.૪, ૬.૧.૧૧, ૬.૧.૧૭, ૬.૨.૧, ૬.૪.૫, ૭.૬.૧, ૭.૬ માં અને જોડાણ ખ માં સુધારો કરવામાં આવ્યો છે. આયોગના પુરવઠા સંકેત વિનિયમમાં ૨૫મી સપ્ટેમ્બર ૨૦૦૬ના રોજ બીજી વાર સુધારો કરવામાં આવ્યો હતો. પારિભાષિક ફેરફાર ઉપરાંત સુધારાના ભાગનાં મોટાં અને મહત્વનાં લક્ષણો નીચે મુજબ હતાં.

- ઉચ્ચ વોલ્ટતા પુરવઠા માટેના કરાર ભારની મર્યાદા ૨૫૦૦ કિ.વોલ્ટ એમ્પીયરથી વધીને ૪૦૦૦ કિલોવોલ્ટ એમ્પિયર થઈ. ૪૦૦૦ કિ.વી.એ. થી વધારે કરાર ભારવાળા ગ્રાહકોને આપવાની વધારાનો ઉચ્ચ વોલ્ટતા પુરવઠો.
- (ક) ખેતીના મીટર ધરાવતા ગ્રાહકો અને (ખ) સીધું જોડાણ ધરાવતા ખેતીના ગ્રાહકો અને સીધું જોડાણ ધરાવતા બીજા કોઈ ગ્રાહક માટે વીજભાર પરિબળ અને વિવિધતા પરિબળમાં ફેરફાર થયો.

વિનિયમ નં. ૬/૨૦૦૪ વિતરણ સંહિતા (પ્રથમ સુધારો)

જાહેરનામું તા. ૨૬મી ઓક્ટોબર ૨૦૦૬

વિતરણ સંકેત સમીક્ષા પેનલની રચના અંગે કામ કરતી કલમ ૩.૩.૧માં સુધારો કરાયો હતો. વિતરણ પદ્ધતિના રક્ષણને લગતું કામ કરતી કલમ ૭.૧.૧.માં પણ સુધારો કરાયો હતો.

રાજ્યમાં ખુલ્લા ઉપલભ્યતા (Open access) ચાર્જ અંગે નિયંત્રક પ્રવૃત્તિ વીજશક્તિનું વ્હીલીંગ અને ખુલ્લી ઉપલભ્યતા

સપ્ટેમ્બર ૨૦૦૫માં ખુલ્લી ઉપલભ્યતા પરના વિનિયમને અધિસૂચિત કર્યા પછી, આયોગે ખુલ્લા ઉપલભ્યતા ગ્રાહકોએ ચૂકવવાના ચાર્જ નિર્દિષ્ટ કરતો ફેબ્રુઆરી ૨૦૦૬માં હુકમ પસાર કર્યો. હુકમમાં ચૂકવવાની પ્રવાહન ચાર્જ, વ્હીલીંગ ચાર્જ અને ક્રોસ સહાયકી સરચાર્જ નિર્દિષ્ટ કર્યો. આયોગે વધારાંનો સરચાર્જ કેસથી કેસ ધોરણે નક્કી કરવાનો છે. ત્યારપછી આવા ચાર્જ તા. ૬ઠ્ઠી મે ૨૦૦૬ અને ૩૧મી માર્ચ ૨૦૦૭ના હુકમ અનુસાર આયોગે ફરી નક્કી કર્યા હતા.

(ઘ) જાહેર કરેલા એવોર્ડ અને આયોગે કરેલા હુકમ અરજીઓ

૨૦૦૬-૦૭ દરમિયાન આયોગે ૯૦ અરજીઓ અંગે કાર્યવાહી કરી. તેમાં ૬૩ અરજીઓ અગાઉના વર્ષની આગળ ખેંચવામાં આવી હતી. અને ૨૭ અરજીઓ ૨૦૦૬-૦૭ દરમિયાન મળી હતી. આ ૯૦ અરજીઓમાંથી ૫૮ અરજીઓનો ૨૦૦૬-૨૦૦૭ દરમિયાન નિકાલ થયો છે. જ્યારે અન્ય અરજીઓમાં સુનાવણીની પ્રક્રિયા ચાલે છે. ચાર સમીક્ષા અરજીનો નિકાલ થયો છે. અગાઉની અરજીઓમાં આયોગે પસાર કરેલા ચાર હુકમોને વિદ્યુત અપીલ ટ્રિબ્યુનલમાં પડકારાઈ હતી. માનનીય અપીલ ટ્રિબ્યુનલે ચાર અરજીઓ આયોગને પાછી મોકલી હતી અને આયોગે પાછી મોકલેલી અરજીઓનો નિકાલ કર્યો છે.

૨૦૦૬-૦૭ના નાણાંકિય વર્ષમાં નિકાલ કરેલી અરજીઓની વિગત જોડાણ ૧.૧માં આપી છે.

અપીલ

૨૦૦૫-૦૬ દરમિયાન આયોગે ૩૪ અપીલ અંગે કાર્યવાહી કરી. તેમાં ૨૮ અપીલ અગાઉના વર્ષથી આગળ ખેંચવામાં આવી હતી અને ૬ અપીલ ૨૦૦૬-૦૭ દરમિયાન રજૂ કરવામાં આવી હતી. આમાંથી ૨૦૦૬-૦૭ દરમિયાન ૩૨ અપીલનો નિકાલ કર્યો હતો. અને ૨ અપીલ પડતર છે. અપીલની વિગતો કોઠા ૦૪ અને ૦૫માં દર્શાવાઈ છે.

૨૦૦૬-૦૭ના નાણાંકિય વર્ષમાં નિકાલ કરેલી અપીલોની વિગત જોડાણ ૧.૨માં આપી છે.

આયોગ સાથે પડતર અરજી અને અપીલની છેલ્લી સ્થિતિ નીચેના કોઠા અને ચાર્ટમાં આપી છે.

બાબત	છેલ્લા વર્ષ (૨૦૦૫-૦૬) માંથી આગળ ખેંચેલ	૦૧-૦૪-૨૦૦૬ થી ૩૧-૦૩-૨૦૦૬ દરમિયાન મળેલી	કુલ	નિકાલ કરેલ	તા. ૩૧-૦૩-૦૭ ના રોજ મુજબ પડતર
અરજી	૬૩	૨૭	૯૦	૫૮	૩૨
અપીલ	૨૮	૦૬	૩૪	૩૨	૨

અરજીઓ અને અપીલની સ્થિતિ, ૨૦૦૬-૦૭



(ચ) વિવાદો અને મતભેદનો ન્યાયનિર્ણય અને ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને ઓમ્બુડઝમેન

ગ્રાહકોની ફરિયાદોના યોગ્ય નિવારણ માટેની જરૂરિયાતો પિછાણીને, ગ્રાહકોની ફરિયાદોના નિવારણ માટે ફોરમ સ્થાપવાનું વિદ્યુત અધિનિયમ ૨૦૦૩ની કલમ ૪૨(૫) માં જરૂરી બન્યુ છે. આ ઉપરાંત ફોરમ નિર્ણય સામે રજૂઆત કરવા ઓમ્બ્યુડઝમેનની કચેરી સ્થાપવાની પણ તેમાં જોગવાઈ છે. ગ્રાહકોની ફરિયાદોના નિવારણ માટે વિતરણ લાઈસન્સદાર ઉભા કરે તેવા બીજા કોઈ માર્ગો ઉપરાંત આ વધારાના માર્ગો છે.

જરૂરી બન્યા મુજબ, આયોગે આ અંગે વિનિયમો અધિસૂચિત કરી દીધા છે. અને વિનિયમો અનુસાર રાજ્યમાં કામ કરતાં તમામ છ વિતરણ લાઈસન્સદારોએ ગ્રાહકોના ફરિયાદના નિવારણ માટે ફોરમ સ્થાપ્યાં છે આયોગ તેમના ત્રિમાસિક અહેવાલ મેળવીને આવાં ફોરમની કામગીરી પર દેખરેખ-નિયંત્રણ રાખે છે. આયોગે ઓમ્બુડઝમેનની કચેરી પણ સ્થાપી છે. ફોરમના હુકમ સામેની રજૂઆત ઓમ્બુડઝમેન સમક્ષ કરવામાં આવે છે. ઓમ્બુડઝમેન વિનિયમો ૨૦૦૫ની સ્થાપના અનુસાર ઓમ્બુડઝમેન જરૂરી હુકમ આપે છે. ૨૦૦૬-૦૭ના નાણાંકિય વર્ષ માટેની ઓમ્બુડઝમેન ઓફિસને કરેલી રજૂઆતની વિગતો નીચે મુજબ છે.

ઓમ્બુડઝમેન સમક્ષ નોંધાયેલી રજૂઆતોની સંખ્યા	નિકાલ કરેલી રજૂઆતોની સંખ્યા	પડતર રજુઆતની સંખ્યા
૧૨	૧૧	૦૧

મળેલી રજૂઆતોના પ્રકાર અને તેનું ફોરમવાર વિભાજન અનુક્રમે જોડાણ ૪.૧ અને ૪.૨માં આપ્યુ છે.

(છ) લાઈસન્સ આપવાં

આયોગને ૨૦૦૬-૦૭ના નાણાંકિય વર્ષ દરમિયાન લાઈસન્સ કાઢી આપવા માટે કોઈ અરજી મળી નથી. અરજી નં. ૮૮૧/૨૦૦૬માં ચુકાદાના રૂપમાં ટોરેન્ટ એઈસી લિ. અને ટોરેન્ટ એસઈસીનું લિ. નાં લાઈસન્સ ટોરેન્ટ પાવર લિ. ના નામે તબદીલ થયાં છે.

(જ) રાજ્ય સલાહકાર સમિતિ અને તેનાં કાર્યો

વિદ્યુત અધિનિયમ ૨૦૦૩ની કલમ ૮૭ હેઠળ રચાયેલ રાજ્ય સલાહકાર સમિતિમાં ૧૧ (અગિયાર) સભ્યો. તેઓ ગુજરાતના ઉર્જા સેક્ટરમાં વાણિજ્ય, ઉદ્યોગ, પરિવહન, કૃષિ, શ્રમ, ગૃહોપયોગી ગ્રાહક, બિન-સરકારી સંગઠનો તથા શૈક્ષણિક અને સંશોધન સંસ્થાઓના હિતનું પ્રતિનિધિત્વ કરે છે.

સલાહકાર સમિતિ નીચેની બાબતોમાં આયોગને સલાહ આપે છે.

(૧) નીતિના મુખ્ય પ્રશ્નો (૨) લાઈસન્સદારોએ આપેલી સેવાનાં ગુણવત્તા સાતત્ય અને વ્યાપને લગતી બાબતો. (૩) લાઈસન્સદારનું તેમનાં લાઈસન્સની શરતો અને જરૂરિયાતોનું પાલન. (૪) ગ્રાહકના હિતનું રક્ષણ અને (૫) વિદ્યુત પુરવઠો અને ઉપયોગિતાવાર કામગીરીનું સમગ્ર ધોરણ.

૨૦૦૬-૦૭ના નાણાંકિય વર્ષ દરમિયાન એક બેઠક ૬ઠ્ઠી જુલાઈ ૨૦૦૬ના રોજ અને બીજી બેઠક ૯મી ફેબ્રુઆરી ૨૦૦૭ના રોજ યોજાઈ હતી. આ બેઠકો દરમિયાન ઉર્જા કાર્યક્ષમતા જાગ્રૃતિ કાર્યક્રમ તત્કાલીન ગુજરાત વિદ્યુત બોર્ડના છ વિભાજિત (unbundled) ઉપયોગિતાએ રજૂ કરેલી વાર્ષિક મહેસૂલી જરૂરિયાત અરજીઓ, વિનિયમોને આખરીરૂપ આપવું વગેરે અંગે વિસ્તૃત ચર્ચા થઈ હતી.

(ઝ) આયોગે કરેલાં અન્ય કાર્યો

તાલીમ કાર્યક્રમો

આયોગનાં કર્મચારીઓએ નીચેનાં જુદા જુદા તાલીમ કાયક્રમોમાં હાજરી આપી હતી.

કાર્યક્રમ/ તાલીમની વિગત	તારીખ	હાજરી આપનાર
ઉપલબ્ધતા આધારિત ટેરિફ ભારત ઈજનેરી સ્ટાફ કોલેજ (ઈએસસીઆઈ) હૈદ્રાબાદમાં વીજ શક્તિ ઉપયોગિતાનો અનુભવ	૦૪-૦૯-૦૬ થી ૦૬-૦૯-૦૬	શ્રી આર. એચ. શાહ નાયબ નિયામક
વિદ્યુતની ચોરી, કેન્દ્રીય ગ્રામીણ વીજળીકરણ સંસ્થા (સીઆઈઆરઈ) હૈદ્રાબાદમાં	૧૯-૦૯-૦૬ થી ૨૨-૦૯-૦૬	શ્રીમતી એ.એસ.દાણી સ્ટાફ અધિકારી

ભારતીય નિયંત્રક ફોરમ (એફઓઆઈ)ની બેઠકો - આયોગની મુલાકાત

જુદા જુદાં રાજ્યોમાં વિદ્યુતના સુધારામાં નિયંત્રણ, વિકાસ અંગે ચર્ચા કરવા, આયોગે નીચેની તારીખે ભારતીય નિયંત્રકોના ફોરમની નીચેની બે બેઠકમાં હાજરી આપી હતી.

ભારતીય નિયંત્રણ ફોરમ (એફઓઆઈઆર) ની બેઠક	તારીખ	હાજર રહેનાર
૭મી એજીએમ નવી દિલ્હીમાં	૧૫-૦૬-૨૦૦૬	શ્રી જી. સુબ્બારાવ (અધ્યક્ષ) શ્રી. કે. પી. ગુપ્તા, સભ્ય (નાણાં) ડૉ. મનમોહન, સભ્ય (ટેકનિકલ)
૧૯મી એજીએમ, સુરજકુંડ હરિયાણા	૧૨-૦૧-૦૭થી ૧૪-૦૧-૦૭	શ્રી જી. સુબ્બારાવ (અધ્યક્ષ) શ્રી. કે. પી. ગુપ્તા, સભ્ય (નાણાં) ડૉ. મનમોહન, સભ્ય (ટેકનિકલ)

નિયંત્રકોનું ફોરમ અધ્યક્ષની મુલાકાત

વિદ્યુત શક્તિ મંત્રાલયના તા. ૧૬મી ફેબ્રુઆરી ૨૦૦૫ના જાહેરનામા મારફત વિદ્યુત અધિનિયમની કલમ ૧૬૬(૨) હેઠળ રચાયેલ નિયંત્રકોનું ફોરમ રચવામાં આવ્યુ છે. ફાજલ કેપ્ટિવ વીજ-શક્તિના સંચયને લગતી બેઠકો દરમિયાન ચર્ચાયેલા વ્યાપક પ્રશ્નો, ઉપલભ્યતા આધારિત ટેરિફ, ગ્રાહક હિમાયત તંત્ર રચના અને ટેરિફ નીતિમાંથી ઉભા થતા પ્રશ્નો છે.

ક્રમ. નં.	નિયંત્રક ફોરમની બેઠક	તારીખ
૧.	ત્રીજી બેઠક નવી દિલ્હી	૨૦-૪-૨૦૦૬
૨.	પાંચમી બેઠક	૧૦-૧૧-૨૦૦૬
3.	છઠ્ઠી બેઠક	૨૮-૦૨-૨૦૦૭ થી ૦૨-૦3-૨૦૦૭

આયોગ માટે નાણાંકીય જોગવાઈ

પ્રારંભમાં આયોગને રાજ્ય સરકારની અંદાજપત્રીય જોગવાઈમાંથી નાણાં અપાતાં હતાં. તેમ છતાં, વિદ્યુત અધિનિયમ ૨૦૦3 ઘડાતાં, રાજ્ય સરકારે વિદ્યુત નિયંત્રક આયોગ નિધિ સ્થાપી હતી. ફી, દંડ અને ચાર્જ વિનિયમ, ૨૦૦૫માં દર્શાવ્યા મુજબ ફી, દંડ, ચાર્જ, લાઈસન્સ ફી વગેરે મારફત મહેસૂલ નાણાંના સ્તોત્ર છે.

૪. વાર્ષિક હિસાબ પત્રક

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ નાણાંકીય પત્રક

તા. ૩૧મી માર્ચ ૨૦૦૭ના રોજનું સરવૈયું

		રકમ રૂ.	
કોર્પસ/મૂડી નિધિ અને જવાબદારીઓ	અનુસૂચિ	૨૦૦૬-૦૭	૨૦૦૫-૦૬
કોર્પસ/જીઈઆરસી મૂડી નિધિ	૧	૧૨,૫૦,૦૬,૩૩૦.૫૨	૬,૫૦,૦૬,૩૩૦.૫૨
અનામત અને ફાજલ	૨	૧,૨૬,૨૭,૫૧૦.૯૫	૪૮,૩૦,૧૯૬.૮૩
અંકિત દિણગી નિધિ	૩	0.00	0.00
તારણવાળી લોન અને કરજ	૪	0.00	0.00
તારણવગરની લોન અને કરજ	૫	0.00	0.00
વિલંબિત ધિરાણ જવાબદારીઓ	૬	0.00	0.00
ચાલુ જબાવદારીઓ અને જોગવાઈ	૭	0.00	0.00
સરવાળો		**૧૩,૭૬,૩૩,૮૪૧.૪૭**	**૬,૯૮,૩૬,૫૨૭.૩૫**
અસ્કયામતો			
સ્થાયી અસ્કયામતો	૮	૫૩,૪૧,૦૮૬.૨૧	૩૫,૬૯,૫૬૮.૨૧
અંકિત અને દેણગી મૂડી-રોકાણ	૯	0.00	0.00
અન્ય મૂડી-રોકાણ	૧૦	0.00	0.00
ચાલુ અસ્કયામત, લોન અને પેશગીઓ	૧૧	૧૩,૨૨,૯૨,૭૫૫.૨૬	૬,૬૨,૬૬,૯૫૯.૧૪
પરચુરણ ખર્ચ		0.00	0.00
સરવાળો		**૧૩,૭૬,૩૩,૮૪૧.૪૭**	**૬,૯૮,૩૬,૫૨૭.૩૫**

ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગ

૩૧મી માર્ચ ૨૦૦૭ના રોજ પુરા થતા વર્ષના આવક અને ખર્ચનો હિસાબ

		રકમ રૂ.	
આવક	અનુસૂચિ	૨૦૦૬-૦૭	૨૦૦૫-૦૬
વેચાણ / સેવામાંથી આવક	૧૨	0.00	0.00
ગ્રાન્ટ/સહાયક	૧૩	0.00	૧૦,૪૦,૦૦૦.00
ફી અને ચાર્જ	૧૪	૭,૬૭,૭૯,૧૭૫.00	૬,૬૮,૦૮,૬૭૫.00
મૂડી રોકાણમાંથી આવક(મૂડી રોકાણ અંગે ફંડ ખાતે તબદીલ કરેલ અંકિત/દેણગી ફંડમાંથી આવક)	૧૫	0.00	0.00
રોયલ્ટી પ્રકાશન વગેરેમાંથી આવક	૧૬	0.00	0.00
મળેલ વ્યાજ	૧૭	૭૮,૪૨,૦૮૦.૧૨	૨૩,૧૫,૯૩૭.૮૩
અન્ય આવક સ્ટોકમાં	૧૮	૪૩,૦૬૦.00	૨૦,૨૯૩.00
તૈયાર માલના સ્ટોકમાં વધારો/ ઘટાડો અને ચાલુ કામ	૧૯	0.00	0.00
સરવાળો (ક)		**૮,૪૬,૬૪,૩૧૫.૧૨**	**૭,૦૧,૮૪,૯૦૫.૮૩**
ખર્ચ			
મહકમ ખર્ચ	૨૦	૭૨,૩૪,૨૬૨.00	૬૫,૧૧,૮૧૯.00
અન્ય વહીવટી ખર્ચ, વગેરે	૨૧	૯૩,૪૯,૯૨૬.00	૬૫,૯૯,૯૩૬.00
અનુદાન, સહાયકી વગેરે અંગે ખર્ચ	૨૨	0.00	0.00
વ્યાજ	૨૩	0.00	0.00
ઘસારો (અનુસુચિ ૮ને અનુરૂપ વર્ષના અંતે ચોખ્ખો સરવાળો)		૨,૮૨,૮૧૩.00	૨૨,૪૨,૯૫૪.00
સરવાળો (ખ)		**૧,૬૮,૬૭,૦૦૧.00**	**૧,૫૩,૫૪,૭૦૯.00**
ખર્ચ અને આવક કરતા વધુ સિકલ (ક - ખ)		૬,૭૭,૯૭,૩૧૪.૧૨	૫,૪૮,૩૦,૧૯૬.૮૩
ખાસ અનામત ખાતે તબદીલી (દરેક નિદિષ્ટ કરવું)		૬,૦૦,૦૦,૦૦૦.00	૫,૦૦,૦૦,૦૦૦.00
સામાન્ય અનામત ખાતે/માંથી તબદીલી		૭૭,૯૭,૩૧૪.૧૨	૪૮,૩૦,૧૯૬.૮૩
સિલક બાકી જમા હોવાથી સરવૈયામાં તબદીલ કરી			
મહત્વની હિસાબનિતિ	૨૪		
આકસ્મિક જવાબદારી અને હિસાબ અંગેની નોંધ			

જોડાણ ૧.૧

૨૦૦૬-૦૭ નાણાંકિય વર્ષ દરમિયાન નિકાલ કરેલ અરજીઓની વિગત

નં.	અરજી નં.	રજૂ કરનાર	વિષય
૧.	૬૮/૨૦૦૨	સર્ચ કેમ ઈન્ડિયા વિરૂદ્ધ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ.	કરારની માંગમાં ઘટાડો
૨.	૮૦/૨૦૦૨	ચંદન સ્ટીલ લિ. વિરૂદ્ધ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ.	અધિકતમ માંગ પર વધારાનાં અધિક ચાર્જ કર્યા સિવાય બિલ બનાવવું.
૩.	૧૧૦/૨૦૦૩	બિરલા વીએક્સએલ લિ. વિરૂદ્ધ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ.	અધિકતમ માંગ પર વધારાનાં અધિક ચાર્જ કર્યા સિવાય બિલ બનાવવું.
૪.	૧૨૫/૨૦૦૩	ગ્રાહક શિક્ષણ અને સંશોધન સોસા. વિરૂદ્ધ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ. અને મુખ્ય વીજળી નિરીક્ષક ગાંધીનગર.	નિર્દોષ નાગરીકોનાં મૃત્યુ
૫.	૧૨૭/૨૦૦૩	એસ્સાર સ્ટીલ લિ. વિરૂદ્ધ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ.	વિદ્યુતનો પુરવઠો અને જામીનગીરી અનામત રીફંડ
૬.	૧૨૮/૨૦૦૩	ગુજરાત મશીનરી મેન્યુફેક્ચરિંગ લિ. વિરૂદ્ધ ગુજરાત વિકાસ નિગમ લિ.	અધિકતમ માંગ પર વધારાનો અધિક ચાર્જ કર્યા સિવાય વીજ બિલ બનાવવું
૭.	૨૫૧/૨૦૦૩	લ્યુપિન લિ.	અધિકતમ માંર્ગ પર વધારાનો અધિક ચાર્જ કર્યા સિવાય વીજ બનાવવું
૮.	૭૯૮/૨૦૦૪	ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ. અને અન્ય	ખુલ્લી ઉપલક્ષ્યતા (**Open Access**)
૯.	૮૦૪/૨૦૦૪	સૌરાષ્ટ્ર સિમેન્ટ લિ.	ટેરિફ દર ઘટાડવા માટે
૧૦.	૮૦૫/૨૦૦૪	ગુજરાત સિદ્ધિ સિમેન્ટ લિ.	ટેરિફ દર ઘટાડવા માટે
૧૧.	૮૦૬/૨૦૦૪	સૌરાષ્ટ્ર સિમેન્ટ લિ.	વ્હીલીંગ ચાર્જ માટે
૧૨.	૮૦૭/૨૦૦૪	ગુજરાત સિદ્ધિ સિમેન્ટ લિ.	વ્હીલીંગ ચાર્જ માટે
૧૩.	૮૧૧/૨૦૦૪	એમ. આર. સૌમુલ વિરૂદ્ધ અમદાવાદ ઈલેક્ટ્રિસીટી કું.	અમદાવાદ ઈલેક્ટ્રિસિટી કું. સામે રાહતના હેતુ માટે
૧૪.	૮૧૨/૨૦૦૪	ઓઈલ અને નેચરલ ગેસ કમીશન વિરૂદ્ધ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ.	૧-૮-૨૦૦૮ અગાઉ ના ક્ષેત્ર સમાંતર કામગીરી ચાર્જ (પીઆરસી) રિફંડ આપવા
૧૫.	૮૧૬/૨૦૦૪	યુપી એલ વિરૂધ્ધ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ.	વીજ શક્તિના વ્હીલીંગ માટે પરવાનગી

૧૬.	૮૨૨/૨૦૦૪	રેમિ મેટલ્સ ગુજરાત લિ. વિરુદ્ધ ગુજરાત ઉર્જા વિકાસ લિ.	ખુલ્લી ઉપલભ્યતા (ઓપન એસેસ)
૧૭.	૮૩૩/૨૦૦૪	વેલ્સપન ઈન્ડસ્ટ્રીઝ લિ.	સીપીપી ફર્નેસ ઓઈલ આધારિત જનરલ સેટ નાંખવા અને જૂથ કંપની સુધી
૧૮.	૮૩૮/૨૦૦૪	ઉમરગામ ક્લબ અને રિસોર્ટ પ્રા. લિ. વિરૂદ્ધ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ.	ગુજરાત વિદ્યુત બોર્ડે ૧૯૯૭ થી ૨૦૦૭ સુધી ચાર્જ કરેલા જુદા જુદા ચાર્જ જતા કરવા.
૧૯.	૮૩૯/૨૦૦૪	શાહ એલોઈઝ લિ.	જૂથ કંપનીને વીજ શક્તિના વ્હીલીંગ માટે પરવાનગી
૨૦.	૮૪૧/૨૦૦૫	પશ્ચિમ રેલ્વે દાહોદ વિરૂદ્ધ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ.	ટેરિફ માટે
૨૧.	૮૪૬/૨૦૦૫	વીએમસી વિરૂદ્ધ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ.	ગુજરાત વિદ્યુત નિયંત્રક નિગમ તા. ૧૦-૧૦-૨૦૦૦ના હુકમ સામે ગુજરાત વિદ્યુત બોર્ડ ઉપસ્થિત કરેલા બિલની વસૂલાત સામે મનાઈ હુકમ માટે
૨૨.	૮૪૮/૨૦૦૫	બીઆઈડીસી વિરૂદ્ધ મધ્ય ગુજરાત વીજ કં. લિ. ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ. ઈપીડી અને ગુજરાત સરકાર	યોગ્ય ટેરિફ માટે
૨૩.	૮૪૯/૨૦૦૫	મુખ્ય ઈજનેર, એર ફોર્સ વિરૂદ્ધ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ. અને અમદાવાદ ઈલેક્ટ્રિસિટી કંપની	યોગ્ય ટેરિફ માટે
૨૪.	૮૫૦/૨૦૦૫	ગુજરાત અંબુજા સિમેન્ટ લિ. વિરૂદ્ધ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ.	એચટીપી-૧ માટે, એચ.ટી.પી.-૨ના બદલે ટેરિફ
૨૫.	૮૫૫/૨૦૦૫	ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ વિરૂદ્ધ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ. દક્ષિણ ગુજરાત વીજ કં. લિ. મધ્ય ગુજરાત વીજ કં. લિ.	એચટીપી-૨ ટેરિફ માટે
૨૬.	૮૫૬/૨૦૦૫	ગ્રાહક શિક્ષણ અને સંશોધન સોસા. અને ફ્રેન્ડ સોલ્ટ વર્ક્સ એલાઈડ ઈન્ડ. વિરૂદ્ધ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ. પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિ.	ખાસ ઉચ્ચ વોલ્ટતા પ્રોત્સાહન યોજના
૨૭.	૮૬૧/૨૦૦૬	જીએસઈસી એલ વિરૂદ્ધ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ	ટેરિફ અરજી

૨૮.	૮૬૨/૨૦૦૬	ગુજરાત ઉર્જા પ્રવાહન કં. લિ. વિરૂદ્ધ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ.	ટેરિફ અરજી
૨૯.	૮૬૩/૨૦૦૬	ઉત્તર ગુજરાત વીજ કં. લિ.	ટેરિફ અરજી
૩૦.	૮૬૪/૨૦૦૬	દક્ષિણ ગુજરાત વીજ કં. લિ.	ટેરિફ અરજી
૩૧.	૮૬૫/૨૦૦૬	મધ્ય ગુજરાત વીજ કં. લિ.	ટેરિફ અરજી
૩૨.	૮૬૬/૨૦૦૬	પશ્ચિમ ગુજરાત વીજ કં. લિ.	ટેરિફ અરજી
૩૩.	૮૬૮/૨૦૦૬	દક્ષિણ ગુજરાત વીજ કં. લિ.	મીટર વગરનાં ખેતીનાં જોડાણને બદલે મીટર પૂરાં પાડવામાં સમય - મર્યાદા લંબાવી આપવી.
૩૪.	૮૬૯/૨૦૦૬	મધ્ય ગુજરાત વીજ કં. લિ.	મીટર વગરનાં ખેતીનાં જોડાણને બદલે મીટર પૂરાં પાડવામાં સમય - મર્યાદા લંબાવી આપવી.
૩૫.	૮૭૦/૨૦૦૬	પશ્ચિમ ગુજરાત વીજ કં. લિ.	મીટર વગરનાં ખેતીનાં જોડાણને બદલે મીટર પૂરાં પાડવામાં સમય - મર્યાદા લંબાવી આપવી.
૩૬.	૮૭૧/૨૦૦૬	ઉત્તર ગુજરાત વીજ કં. લિ.	મીટર વગરનાં ખેતીનાં જોડાણને બદલે મીટર પૂરાં પાડવામાં સમય - મર્યાદા લંબાવી આપવી.
૩૭.	૮૭૬/૨૦૦૬	શ્રી ઈલેક્ટ્રોમેકર લિ. વિરૂદ્ધ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ. પશ્ચિમ ગુજરાત વીજ કં. લિ.	એચટીપી-૪ ટેરિફ
૩૮.	૮૭૭/૨૦૦૬	ટીપીએસઈસી લિ. વિરૂદ્ધ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ.	વિદ્યુત ચાર્જ વસૂલ કરવા
૩૯.	૮૭૯/૨૦૦૬	ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ.	એનપીસીઆઈએલ સાથે પીપીએ
૪૦.	૮૮૦/૨૦૦૬	ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ. વિરૂદ્ધ યુપીએલ	વેચાણ વેરાની વસૂલાત
૪૧.	૮૮૧/૨૦૦૬	ટીપીએઈસી, ટીપીએસઈસી, ટીપીજીસી અને ટોરેન્ટ પાવર લિ.	એકત્રીકરણની યોજનાને બહાલી
૪૨.	૮૮૨/૨૦૦૬	ડી. ઓ. શર્મા વિરૂદ્ધ ટીપીએઈસી	ચોરીના બિલની સુધારણા
૪૩.	૮૮૩/૨૦૦૬	આર. આર. પટેલ વિરૂદ્ધ ટીપીએઈસી	ચોરીના બિલની સુધારણા
૪૪.	૮૮૪/૨૦૦૬	ગુજરાત ઈલેક્ટ્રોનિક્સ એન્ડ સોફ્ટવેર ઈન્ડ. એસો. વિરૂદ્ધ ટીપીએઈસી, એસઈસીએન્ડ ડીસ્કોમ્સ	આઈટી ઉદ્યોગ એકમોને વાણિજ્યિકમાંથી આઈ ટી ઉદ્યોગ કક્ષામાં પુનઃવર્ગીકરણ
૪૫.	૮૮૫/૨૦૦૬	ઉત્તર ગુજરાત વીજ કં. લિ.	ખેતીના જોડાણ માટે મીટર નાંખવા અને ખેતીનાં જોડાણનાં કાયમી જોડાણ રદ થતાં ફરી જોડાણના ચાર્જ (પીડીસીઆરસી) બિલ.

૪૬.	૮૮૬/૨૦૦૬	રેકમેશન વેલ્ડિંગ લિ. વિરૂદ્ધ ઉત્તર ગુજરાત વીજ કં. લિ.	૧૧ કિલોવૉટ પુરવઠાએ ૨૫૦૦ કિ. વૉટ અને વધારે વિજ શક્તિ પૂરી પાડવી
૪૭.	૮૮૮/૨૦૦૬	ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ.	સરદાર સરોવર નર્મદા નિગમ લિ. સાથે વીજ ખરીદી કરાર
૪૮.	૮૯૦/૨૦૦૬	ટીપીએઈસીએલ	અપીલ ૨૯/૦૫ના હુકમ સામે સમીક્ષા અરજી
૪૯.	૪૯૧/૨૦૦૬	ગજાનંદ પેપર એન્ડ બોર્ડ પ્રા. લિ. વિરૂદ્ધ દક્ષિણ ગુજરાત વીજ કં. લિ.	(કેપ્ટિવ પાવર પ્લાન્ટ) મંજુર કરાયું હોય ત્યાં કરાર જાણ ઉપરાંત વીજ-શક્તિ વધારે ખેંચવા પર વધારાનો દંડ નાંખવા.
૫૦.	૮૯૨/૨૦૦૬	આઈ. એમ. ડી. ગુજરાત સરકાર વિરૂદ્ધ ઉર્જા વિકાસ નિગમ લિ. ટીપીએઈસી. ટીપીએસઈસી	ગ્રાહકોને ન્યૂનતમ ચાર્જ ચૂકવવામાંથી મુક્તી
૫૧.	૮૯૩/૨૦૦૬	ઈપીડી ગુજરાત સરકાર વિરૂદ્ધ ટોરેન્ટ પાવર લિ. (અમદાવાદ એકમ)	ખેતીનાં જોડાણ માટે ટેરિફ
૫૨.	૮૯૫/૨૦૦૬	યુપીએલ. વિરૂદ્ધ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ.	કેસ નં. ૬૮/૦૨માં ૧૨-૧૦-૦૬ હુકમની સમીક્ષા
૫૩.	૮૯૬/૨૦૦૬	જીએસઈસીએલ વિરૂદ્ધ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ.	૨૦૦૭-૦૮ માટે ટેરીફ
૫૪.	૮૯૭/૨૦૦૬	ગુજરાત ઉર્જા પ્રવાહન કં. લિ. વિરૂદ્ધ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ.	૨૦૦૭-૦૮ માટે ટેરીફ
૫૫.	૮૯૮/૨૦૦૬	ઉત્તર ગુજરાત વીજ કં. લિ.	૨૦૦૭-૦૮ માટે ટેરીફ
૫૬.	૮૯૯/૨૦૦૬	દક્ષિમ ગુજરાત વીજ કં. લિ.	૨૦૦૭-૦૮ માટે ટેરીફ
૫૭.	૯૦૦/૨૦૦૬	મધ્ય ગુજરાત વીજ કં. લિ.	૨૦૦૭-૦૮ માટે ટેરીફ
૫૮.	૯૦૧/૨૦૦૬	પશ્ચિમ ગુજરાત વીજ કં. લિ.	૨૦૦૭-૦૮ માટે ટેરીફ
૧.	૯૦૬/૨૦૦૭	પશ્ચિમ રેલ્વે વિરૂદ્ધ ઉત્તર ગુજરાત વીજ કં. લિ. દક્ષિણ ગુજરાત વીજ કં. લિ. મધ્ય ગુજરાત વીજ કં. લિ.	ઉત્તર ગુજરાત વીજ કં. લી. ના તા. ૬-૦૫-૦૬ના હુકમની સમીક્ષા
૨.	૯૦૭/૨૦૦૭	પશ્ચિમ રેલ્વે વિરૂદ્ધ દક્ષિણ ગુજરાત વીજ કં. લિ.	દક્ષિણ ગુજરાત વીજ કં. લિ.ના તા. ૬-૫-૦૬નાં હુકમની સમીક્ષા
૩.	૯૦૮/૨૦૦૭	પશ્ચિમ રેલ્વે વિરૂદ્ધ મધ્ય ગુજરાત વીજ કં. લિ.	મધ્ય ગુજરાત વીજ કં. લિ. ના તા. ૬-૫-૦૬ના હુકમની સમીક્ષા
૪.	સમીક્ષા અરજી	જીએસઈસીએલ વિરૂદ્ધ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ. અને ડીઆઈએસસી ઓ એમ	જીએસઈસીએલના તા. ૬-૮-૦૬ના હુકમની સમીક્ષા

જોડાણ ૧.૨

વિદ્યુત નિરીક્ષકના હુકમ સામેની અપીલનો ૨૦૦૬-૦૭નાં નાણાંકીય વર્ષમાં નિકાલ

નં.	અરજી નં.	રજૂ કરનાર	વિષય
૧.	૧૯/૨૦૦૪	આઈઆઈ પટેલ વિરૂદ્ધ મધ્ય ગુજરાત વીજ કં. લિ. અને નિરીક્ષક	વિદ્યુત નિરીક્ષકના હુકમ સામે અપીલ
૨.	૨૦/૨૦૦૪	ગણેશ પોલિ વિરૂદ્ધ દક્ષિણ ગુજરાત વીજ કં. લિ.	વિદ્યુત નિરીક્ષકના હુકમ સામે અપીલ
૩.	૨૨/૨૦૦૪	ડી. ડી. ફાઈનાન્સ કેમિકલ્સ વિરૂદ્ધ દક્ષિણ ગુજરાત વીજ કં. લિ. અને વિદ્યુત નીરીક્ષક	વિદ્યુત નિરીક્ષકના હુકમ સામે અપીલ
૪.	૨૩/૨૦૦૪	પશ્ચિમ ગુજરાત વીજ કં. લિ. રાજકોટ વિરૂદ્ધ વેસ્ટ એન્ડ ટાઈમ્સ પ્રા. લિ.	વિદ્યુત નિરીક્ષકના હુકમ સામે અપીલ
૫.	૨૪/૨૦૦૪	પશ્ચિમ ગુજરાત કં. લિ. જામનગર વિરૂદ્ધ મયંક મેટલ વર્કસ	વિદ્યુત નિરીક્ષકના હુકમ સામે અપીલ
૬.	૨૫/૨૦૦૪	ડીપ પ્લાસ્ટ વિરૂદ્ધ મધ્ય ગુજરાત વીજ કં. લિ. વડોદરા	વિદ્યુત નિરીક્ષકના હુકમ સામે અપીલ
૭.	૨૬/૨૦૦૪	પશ્ચિમ ગુજરાત વીજ કં. લિ. જૂનાગઢ વિરૂદ્ધ સંજય ઈન્ડ. અને વિદ્યુત નિરીક્ષક	વિદ્યુત નિરીક્ષકના હુકમ સામે અપીલ
૮.	૩૧/૨૦૦૫	ઉત્તર ગુજરાત વીજ કં. લિ. સાબરમતી વિરૂદ્ધ આઈઓસી એસએમપીએલ	વિદ્યુત નિરીક્ષકના હુકમ સામે અપીલ
૯.	૩૨/૨૦૫	પશ્ચિમ ગુજરાત વીજ કં. લિ. વેરાવળ વિરૂદ્ધ યુનિ પ્લાસ્ટ	વિદ્યુત નિરીક્ષકના હુકમ સામે અપીલ
૧૦.	૩૩/૨૦૦૫	પશ્ચિમ ગુજરાત વીજ કં. લિ. રાજકોટ વિરૂદ્ધ ડો. એચ. ડી. તલિયા	વિદ્યુત નિરીક્ષકના હુકમ સામે અપીલ
૧૧.	૩૬/૨૦૦૫	વેલ્ડર એંજિનિયરિંગ પ્રા. લિ. વિરૂદ્ધ પશ્ચિમ ગુજરાત વીજ કં. લિ. રાજકોટ	વિદ્યુત નિરીક્ષકના હુકમ સામે અપીલ
૧૨.	૩૭/૨૦૦૫	શ્યામ મોનો ફિલામેન્ટ વિરૂદ્ધ દક્ષિણ ગુજરાત વીજ કં. લિ. સૂરત	વિદ્યુત નિરીક્ષકના હુકમ સામે અપીલ
૧૩.	૩૮/૨૦૦૫	પશ્ચિમ ગુજરાત વીજ કં. લિ. રાજકોટ વિરૂદ્ધ સવજીભાઈ હંસરાજ	વિદ્યુત નિરીક્ષકના હુકમ સામે અપીલ
૧૪.	૪૦/૨૦૦૫	હિરન ઓર્ગેકિમ લિ. વિરૂદ્ધ દક્ષિણ ગુજરાત વીજ કં. લિ. અંકલેશ્વર	વિદ્યુત નિરીક્ષકના હુકમ સામે અપીલ

૧૫.	૪૧/૨૦૦૫	પશ્ચિમ ગુજરાત વીજ કં. લિ. રાજકોટ વિરૂદ્ધ વિકાસ એક્ષપર્ટ ઈન્ડસ્ટ્રીઝ	વિદ્યુત નિરીક્ષકના હુકમ સામે અપીલ
૧૬.	૪૨/૨૦૦૫	પશ્ચિમ ગુજરાત વીજ કં. લિ. રાજકોટ વિરૂદ્ધ ગોકુલ એન્જી.	વિદ્યુત નિરીક્ષકના હુકમ સામે અપીલ
૧૭.	૪૩/૨૦૦૫	પશ્ચિમ ગુજરાત વીજ કં. લિ. વિરૂદ્ધ સૌરાષ્ટ્ર પેકેજીંગ	વિદ્યુત નિરીક્ષકના હુકમ સામે અપીલ
૧૮.	૪૪/૨૦૦૫	પશ્ચિમ ગુજરાત વીજ કં. લિ. રાજકોટ વિરૂદ્ધ એચએમએસ ફીડ ઈન્ટરનેશનલ	વિદ્યુત નિરીક્ષકના હુકમ સામે અપીલ
૧૯.	૪૫/૨૦૦૫	પી. એમ. તનાવાલા વિરૂદ્ધ દક્ષિણ ગુજરાત વીજ કં. લિ. સૂરત	વિદ્યુત નિરીક્ષકના હુકમ સામે અપીલ
૨૦.	૪૬/૨૦૦૫	એ. એમ. તનાવાલા વિરૂદ્ધ દક્ષિણ ગુજરાત વીજ કં. લી. સૂરત	વિદ્યુત નિરીક્ષકના હુકમ સામે અપીલ
૨૧.	૪૯/૨૦૦૫	મુકુંદ બ્રાસ ઈન્ડસ્ટ્રીઝ વિરૂદ્ધ પશ્ચિમ ગુજરાત વીજ કં. લિ. જામનગર.	વિદ્યુત નિરીક્ષકના હુકમ સામે અપીલ
૨૨.	૫૦/૨૦૦૫	ગિરનાર ટાઈલ્સ એન્ડ પોટરી વર્ક્સ લિ. વિરૂદ્ધ પશ્ચિમ ગુજરાત વીજ કં. લિ., વાંકાનેર	વિદ્યુત નિરીક્ષકના હુકમ સામે અપીલ
૨૩.	૫૧/૨૦૦૫	જીએસઆરસી, રાજકોટ વિરૂદ્ધ પશ્ચિમ ગુજરાત વીજ કં. લિ. રાજકોટ અને વિદ્યુત નિરીક્ષક	વિદ્યુત નિરીક્ષકના હુકમ સામે અપીલ
૨૪.	૫૨/૨૦૦૫	પશ્ચિમ ગુજરાત વીજ કં. લિ. ગોંડલ વિરૂદ્ધ બાલાજી ઓઈલ મિલ્સ અને વિદ્યુત નિરીક્ષક	વિદ્યુત નિરીક્ષકના હુકમ સામે અપીલ
૨૫.	૫૩/૨૦૦૫	ઉત્તર ગુજરાત વીજ કં. લિ. મહેસાણા વિરૂદ્ધ રંગમ પેકેજીંગ પ્રા.લિ.અને વિદ્યુત નિરીક્ષક	વિદ્યુત નિરીક્ષકના હુકમ સામે અપીલ
૨૬.	૫૪/૨૦૦૫	પશ્ચિમ ગુજરાત વીજ કં. લિ. રાજકોટ વિરૂદ્ધ નૂતન સૌરાષ્ટ આઈસ ફેક્ટરી અને વિદ્યુત નિરીક્ષક	વિદ્યુત નિરીક્ષકના હુકમ સામે અપીલ
૨૭.	૫૫/૨૦૦૫	દક્ષિણ ગુજરાત વીજ કં. લી. અંકલેશ્વર વિરૂદ્ધ પ્રતિભા પ્લાસ્ટીક ઈન્ડસ્ટ્રીઝ અને વિદ્યુત નિરીક્ષક	વિદ્યુત નિરીક્ષકના હુકમ સામે અપીલ
૨૮.	૫૬/૨૦૦૬	હર્ષદ આઈસ ફેક્ટરી વિરૂદ્ધ પશ્ચિમ ગુજરાત વીજ કં. લિ. પોરબંદર અને વિદ્યુત નિરીક્ષક	વિદ્યુત નિરીક્ષકના હુકમ સામે અપીલ

૨૯.	૫૭/૨૦૦૬	પશ્ચિમ ગુજરાત વીજ કં. લિ. રાજકોટ વિરૂદ્ધ ભાવિક એન્ટરપ્રાઈઝ અને વિદ્યુત નિરીક્ષક	વિદ્યુત નિરીક્ષકના હુકમ સામે અપીલ
૩૦.	૫૮/૨૦૦૬	પશ્ચિમ ગુજરાત વીજ કં. લિ. ભાવનગર વિરૂદ્ધ સૂરજ ફિનામેન્ટ પ્રા. લિ. અને વિદ્યુત નિરીક્ષક	વિદ્યુત નિરીક્ષકના હુકમ સામે અપીલ
૩૧.	૫૯/૨૦૦૬	ઉત્તર ગુજરાત વીજ કં. લિ. ધોળકા વિરૂદ્ધ એમ સન્સ ઈન્ડ. એન્ડ અને વિદ્યુત નિરીક્ષક	વિદ્યુત નિરીક્ષકના હુકમ સામે અપીલ
૩૨.	૬૦/૨૦૦૬	આર. કે. સોરઠિયા વિરૂદ્ધ વિદ્યુત નિરીક્ષક અને પશ્ચિમ ગુજરાત વીજ કં. લિ. રાજકોટ	વિદ્યુત નિરીક્ષકના હુકમ સામે અપીલ

જોડાણ ૨.૧

આયોગની અંદરના અધિકારીઓ / કર્મચારીઓ

ક્રમ નં.	જગ્યાનું નામ	મંજૂર કરેલી જગ્યાઓ	ભરેલી જગ્યાઓ			ખાલી જગ્યા
			પ્રતિનિયુક્તિ પર	કરાર પર	કાયમી ધોરણે	
૧.	સચિવ	૧	૦	૦	૧	૦
૨.	સંયુક્ત નિયામક	૨	૦	૦	૦	૨
૩.	કાનૂની સલાહકાર	૧	૦	૧	૦	૦
૪.	નાયબ નિયામક	૫	૨	૦	૩	૦
૫.	હિસાબ અધિકારી	૧	૧	૦	૦	૦
૬.	માહિતી પ્રોદ્યોગિકી વ્યવસ્થાપક	૨	૦	૦	૦	૨
૭.	અંગત મદદનીશ	૬	૨	૦	૩	૧
૮.	કાર્યપાલક	૬	૨	૦	૩	૧
૯.	ડ્રાઈવર	૫	૦	૦	૫	૦
૧૦.	પટાવાળા	૪	૦	૦	૪	૦

જોડાણ ૨.૨

આયોગનો વ્યવસ્થા ચાર્ટ



જોડાણ ૩.૧

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગે અધિસૂચિત કરેલા વિનિયમોની યાદી

ક્રમ નં.	વિનિયમનું નામ	જાહેરનામા નંબર	જાહેરનામાની તારીખ
૧.	કામકાજની વ્યવસ્થા	૦૨/૨૦૦૪	૨૫-૦૮-૦૪
૨.	ગ્રાહકોની ફરિયાદના નિવારણ માટે ઓમ્બુડઝમેનની સ્થાપના	૩/૨૦૦૪	૨૫-૮-૨૦૦૪
૩.	ગ્રાહકોના ફરિયાદના નિવારણ માટે ફોરમની સ્થાપના	૪/૨૦૦૪	૨૫-૮-૨૦૦૪
૪.	ગ્રિડ સંકેત	૫/૨૦૦૪	૨૫-૮-૨૦૦૪
૫.	વિતરણ સંકેત	૬/૨૦૦૪	૨૫-૮-૨૦૦૪
૬.	અપીલ સત્તાધિકારી વિનીયમો સમક્ષ અપીલ કરવા માટેની કાર્યપદ્ધતિ	૧/૨૦૦૫	૭-૧-૨૦૦૫
૭.	પ્રવાહનનું લાઈસન્સ આપવું	૨/૨૦૦૫	૩૦-૩-૨૦૦૫
૮.	વિદ્યુત વેપારનું લાઈસન્સ આપવું	૩/૨૦૦૫	૩૦-૩-૨૦૦૫
૯.	વિદ્યુત વિતરણનું લાઈસન્સ આપવું.	૪/૨૦૦૫	૩૦-૩-૨૦૦૫
૧૦.	એસએલડીસી વિનિયમોથી ફી અને ચાર્જ નાંખવા અને ઉઘરાવવા	૫/૨૦૦૫	૩૦-૩-૨૦૦૫
૧૧.	ફી, દંડ અને ચાર્જ વિનિયમો	૬/૨૦૦૫	૩૦-૩-૨૦૦૫
૧૨.	વીજ-શક્તિ વ્યવસ્થાનાં ધોરણ	૭/૨૦૦૫	૩૦-૩-૨૦૦૫
૧૩.	સલામતી અનામત વિનિયમો	૮/૨૦૦૫	૩૧-૩-૨૦૦૫
૧૪.	પુરવઠો પૂરો પાડવામાં કરેલ ખર્ચ અને પરચૂરણ ચાર્જ વસૂલ કરવા લાઈસન્સદારની સત્તા	૯/૨૦૦૫	૩૧-૩-૨૦૦૫
૧૫.	વિતરણ લાઈસન્સદારની કામગીરીનું ધોરણ	૧૦/૨૦૦૫	૩૧-૩-૨૦૦૫
૧૬.	વિદ્યુત પુરવઠા સંકેત અને તેને લગતી બાબતો	૧૧/૨૦૦૫	૩૧-૩-૨૦૦૫
૧૭.	ટેરિફની શરતો	૧૨/૨૦૦૫	૩૧-૩-૨૦૦૫
૧૮.	ખુલ્લી ઉપલભ્યતા (ઓપન એસેસ)	૧૩/૨૦૦૫	૨૯-૧૦-૨૦૦૫
૧૯.	સલાહકારની નિમણૂક	૧૪/૨૦૦૫	૨૯-૧૦-૨૦૦૫
૨૦.	વિતરણ લાઈસન્સદાર દ્વારા સહ-ઉત્પાદન અને રીન્યુ કરવા પાત્ર સંકેતમાંથી વીજ શક્તિની પ્રાપ્તિ	૧૫/૨૦૦૫	૨૯-૧૦-૨૦૦૫
૨૧.	વિદ્યુત પુરવઠા સંકેત અને સંબંધિત બાબતો (પ્રથમ સુધારો)	૧૧/૨૦૦૫	૧૪-૧૨-૦૫
૨૨.	વિદ્યુત પુરવઠા સંકેત અને સંબંધિત બાબતો (દ્વિતીય સુધારો)	જી.ઈ.આર.સી/ ટેક-૨/૨૦૯૭/૨૦૦૬	૨૫-૯-૨૦૦૬
૨૩.	વિતરણ સંકેત (પ્રથમ સુધારો)	જી.ઈ.આર.સી./ ટેક-૧/૨૨૯૬/૨૦૦૬	૨૬-૧૦-૨૦૦૬

જોડાણ ૪.૧

૨૦૦૬-૦૭ના નાણાંકિય વર્ષમાં ઓમ્બુડઝમેનની કચેરીમાં મળેલી ફરિયાદોનો પ્રકાર

વિષય	સંખ્યા
ગુણક પરિબળની ખોટી ગણતરી	૧
આગાઉના માલિકનાં જૂનાં નાણાંને કારણે જોડાણ છુટુ ન કરવું	૧
કરાર માંગમાં વધારાની માંગ પર સમગ્ર વીજભાર પર માંગેલી જામીનગીરી અનામત	૧
કાયમી જોડાણ રદ કર્યા પછી ખેતીનાં નવાં જોડાણનો અંદાજ	૧
ટ્રાન્સફોર્મર ચાર્જ અને વિકાસ ચાર્જ	૧
ફેઝ ક્રમમાં આંતરિક ફેરફારને કારણે મીટર ધીમું ફરવું	૧
જ્યોતિગ્રામ યોજના હેઠળ પેટાપરામાં, ફાર્મમાં સિંગલ ફેઝ જોડાણને આવરી લેવાયું ન હોવાથી, સતત નથી.	૨
૧/૧૦ જેટલો વપરાશ ખોટો વપરાશ ખોટો વાંચવા માટે ૮ વર્ષ ૮ મહિના માટે પૂરક બિલ આપવું.	૧
નવા તત્કાળ જોડાણ તરીકે કાયમી જોડાણ બંધ કર્યાનો અંદાજ	૧
ઉચ્ચ વૉટના કેબલની કિંમત રિફંડ	૧
કુલ	૧૨

જોડાણ ૪.૨

૨૦૦૬-૦૭ના નાણાંકિય વર્ષમાં ફોરમના હુકમ સામે રજૂઆતની સંસ્થાની વિગત

ફોરમનું નામ	મળેલ રજુઆતની સંખ્યા
ટોરેન્ટ પાવર લિ. અમદાવાદ	૧
દક્ષિણ ગુજરાત વીજ કં. લિ.	૨
પશ્ચિમ ગુજરાત વીજ કં. લિ., ભાવનગર	૭
મધ્ય ગુજરાત વીજ કં. લિ.	૨
ઉત્તર ગુજરાત વીજ કં. લિ.	કંઈ નહિ.
પશ્ચિમ ગુજરાત વીજ કં. લિ. ભૂજ	કંઈ નહિ.
પશ્ચિમ ગુજરાત વીજ કં. લિ. રાજકોટ	કંઈ નહિ.
ટોરેન્ટ પાવર લિ. સૂરત	કંઈ નહિ.

સંક્ષેપાક્ષર

સંક્ષેપાક્ષર	પુરૂ નામ
GEB	ગુજરાત વિદ્યુત બોર્ડ
GUVNL	ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ.
PGVCL	પશ્ચિમ ગુજરાત વીજ કં. લિ.
UGVCL	ઉત્તર ગુજરાત વીજ કં. લિ.
DGVCL	દક્ષિણ ગુજરાત વીજ કં. લિ.
MGVCL	મધ્ય ગુજરાત વીજ કં. લિ.
GETCO	ગુજરાત એનર્જી ટ્રાન્સમિસન કં. લિ.
GSECL	ગુજરાત રાજ્ય વિજળી નિગમ લિ.
TPL	ટોરેન્ટ પાવર લિ.
CERS	ગ્રાહક શિક્ષણ અને સંશોધન સોસાયટી
CEI	મુખ્ય વિદ્યુત નિરીક્ષક
EI	વિદ્યુત નિરીક્ષક
IOC	ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન
GERC	ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
CERC	કેંદ્રીય વિદ્યુત નિયંત્રક આયોગ
ABT	ઉપલબ્ધતા આધારિત ટેરિફ
I.I.T.	ભારતીય પ્રોદ્યોગિકી સંસ્થા
FPPPA	બળતણ શક્તિ ખરીદી સમાયોજના
ARR	વાર્ષિક મહેસૂલી જરૂરિયાત
PPA	વીજ ખરીદી કરાર
FOIR	ભારતીય નિયંત્રક ફોરમ
ESCI	ભારત ઈજનેરી સ્ટાફ કોલેજ
CIRE	કેન્દ્રીય ગ્રામીણ વીજળીકરણ સંસ્થા
POC	સમાંતર કામગીરી ચાર્જ
PDCRC	કાયમી બંધ જોડાણને ફરી જોડાણના ચાર્જ
SSNL	સરદાર સરોવર નિગમ લિ.
CPP	કેપ્ટીવ પાવર પ્લાન્ટ



ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

પહેલો માળ, નેપચ્યુન ટાવર, નહેરૂબ્રીજ સામે,
આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯. ગુજરાત, ભારત.
ફોન : +૯૧-૭૯-૨૬૫૮ ૦૩૫૦ ફેક્સ : +૯૧-૭૯-૨૬૫૮ ૪૫૪૨
e-mail : gerc@gercin.org • Visit us : www.gercin.org